ગાંધીનગરના ચ-માર્ગ પર મેટ્રો દોડશે

૨૦૨૪ માં સ્વપ્ન સાકાર થશે : મેટ્રો રેલ મોટેરાથી મહાત્મા મંદિર સુધીની મંઝિલ કાપશે : મોટેરાથી મહાત્મા મંદિરના રૂટમાં ૨૮.૨૬ કી મીના રૂટમાં ૨૦ સ્ટેશન કરશે : હાલ ચ માર્ગ પર સોઇલ ટેસ્ટીંગ : જુન ૨૦૨૦ માં પુરજોશમાં કામ ચાલુ થશે



મેટ્રો રેલ મોટેરાથી કોબા, પીડીપીયુ, રાયસણ, ગીફટસીટી થઇને રાંદેસણ આવશે : જયારે ધોળાકુવાથી ઇન્ફોસીટી થઇને ચ-માર્ગ પર મેટ્રો રેલ પ્રવેશ કરશે : સે-૧ સહીત સે-૧૦ છ-માર્ગ થઇને નવા સચિવાલય અને અક્ષરધામથી જુના સચિવાલય અને મહાત્મા મંદિર પહોંચશે

ગાંધીનગર તા ૧૮

સ્માર્ટ સીટીમાં સમાવિષ્ટ ગ્રીન સીટીમાં મેટ્રોરેલ દોડતી થશે. નગરના ઉભા અને આડા માર્ગો વચાળે મેટ્રો રેલનો રૂટ નિયત કરાયો છે. આગામી વર્ષ ૨૦૨૪ સુધીમાં નગરના ચ માર્ગ પર મેટ્રો રેલ દોડતી થઇ જશે. મોટેરાથી મહાત્મા મંદર સુધી મેટ્રો રેલ પ્રોજેકટ લંબાવાના નિર્ણયના અંતે નગરજનોને મેટ્રોરેલની સુવિધાનો લાભ મળશે. મોટેરાથી ૨૨.૮૪ કી મી ના રૂટમાં મેટ્રો રેલ માટે ૨૦ સ્ટેશન નિયત કરાયા છે. હાલ આ પ્રોજેકટને અનુલક્ષીને ચ માર્ગ પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં સોઇલ ટેસ્ટીંગનુ કામ ચાલી રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

પરંતુ રેલવે સ્ટેશન પર નવી ટ્રેઇન ક્યારે શરૂ થશે

ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યા બાદ પાંચ દાયકાના અંતે પણ હજુ કેપિટલ સ્ટેશન ધમધમતુ થયુ નથી. સ્ટેશન પર રોજ કહેવા પુરતી ટ્રેઇનની અવરજવર થાય છે. જયારે વધારાની ટ્રેઇન સુવિધાથી સ્ટેશનને સજ્જ કરવાના મામલે પણ ઉદાસીનતા સેવાઇ રહી છે. પાટનગરને શોભે તે મુજબ ટ્રેઇન સુવિધા મળતી નથી. રેલવે સ્ટેશન હજુ પણ ભૌગોલિક સ્થિતિ મુજબ ભુલભુલેયા સમાન સ્થિતિમાં છે મુસાફરોને લગતી માળખાગત સુવિધા પણ ઉભી થઇ શકી નથી. રેલ્વે સ્ટેશનના વિકાસ માટે અનેક રજુઆતોના અંતે દેશના મુખ્ય શહેરો સાથે જોડતી ટ્રેઇન કેપિટલના પોકેટમાં આવી નથી. વર્ષોથી રેલ્વે સ્ટેશનના વિકાસનો મુદ્દો રજુઆતના તબક્કાથી આગળ વધી શકયો નથી. જો કે હોટલ નિર્માણના અંતે સ્ટેશનને પણ ન્યાય મળે તેવી અપેક્ષા પણ સેવાઇ રહી છે. બીજીતરફ શહેરમાં હવે ચાર વર્ષના સમયગાળામાં મેટ્રો રેલ દોડતી કરવા માટે પ્રોજેકટનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે. વર્ષોના અંતે પણ સ્ટેશન વિકાસનો મુદ્દો હાંસિયામાં ધકેલાયો રહ્યો છે. મેટ્રો રેલ શરૂ થાય તે નગરજનો માટે આનંદની વાત છે. ત્યારે વિકાસની વાટ સેવતા સ્ટેશન પર મુસાફરોને લાંબા રૂટની ટ્રેઇન પણ મળતી થાય તે દિશામાં પણ યોગ્ય આયોજન કરવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં સ્ટોર્મ વોટર લાઇનના આડેધડ ખોદકામથી પાણીની લાઇનમાં ભંગાણ

સે-૬ સહીતના વિસ્તારમાં પાણી ફોર્સથી ન આવતા સ્થાનિકોમાં આક્રોશ : આડેધડ ખોદકામના લીધે રોજબરોજ ટેલીફોન લાઇનના કેબલ કપાવાની સાથે ગટર અને પાણીની લાઇનમાં ભંગાણથી નગરજનો ત્રાહીમામ

ગાંધીનગર તા ૧૮

શહેરના સે- ૬ માં સ્ટોર્મ વોટર લાઇનની કામગીરી દરમિયાન પાણીની લાઇનમાં ભંગાણ થતા આજે સેકટરોમાં પાણી ફોર્સથી આવ્યુ ન હતુ. સે-૬ માં સ્ટોર્મ વોટર લાઇનની કામગીરીના લીધે આ સ્થિતિ ઉદભવી હતી. સેકટરમાં પાણી ફોર્સથી ન આવતા સ્થાનિકોએ હાલાકી વેઠવી પડી હતી. વરસાદી પાણીના નિકાલની લાઇન સંદર્ભે આડેધડ ખોદકામ થતા જરૂરી સેવાઓ પુરી પાડતી લાઇનમાં પણ વારંવાર ભંગાણ થાય છે. અધિકારીઓ દ્વારા સંબંધિત વિભાગના અધિકારીઓને પણ જાણ કરવામાં આવતી નથી. જેના લીધે સેકટરવાસીઓ માટે મોટી સમસ્યા ઉભી થાય છે.

નવા સેકટરોમાં આજે પણ પાણીની પોકરા ઉઠવા પામી હતી. સેકટરમાં સ્ટોર્મ વોટર લાઇનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સ્ટોર્મ વોટર લાઇનની કામગીરીને અનુલક્ષી સેકટરોમાં ખોદકામ ચાલી રહ્યુ છે. પરંતુ આડેધડ થતી ખોદકામગીરીના લીધે સેકટરોમાં જમીનમાંથી પસાર થતી વિવિધ લાઇનમાં ભંગાણ થઇ રહ્યુ હોવાની ફરિયાદો પણ વધી છે. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. રોજ બરોજ ટેલીફોન લાઇન , પાણી તેમજ ગટર લાઇનમાં ગાબડુ પડતુ હોવાના લીધે રોજિંદી અને જરૂરી સેવાઓ ખોરવાઇ જાય છે. કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન સંબંધિત વિભાગના અધિકારીઓને પણ જાણ કરવામાં આવતી નથી જેના લીધે આડેધડ ખોદકામ બીજા વિભાગ માટે પણ પ્રશ્ન ઉભો કરે છે. સ્ટોર્મ વોટર લાઇનની કામગીરી અન્વયે થતા ખોદકામના લીધે અગાઉ વરસાદી દિવસોમાં પણ ફુટપાથમાં મોટામસ ગાબડા સર્જાયા હતા. ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ પણ થતુ નથી જયારે આજે પણ સે-૬ માં પાણીની લાઇનમાં ગાબડુ સર્જાતા સ્થાનિકો પરેશાન થઇ ગયા હતા.

સ્ટોર્મ વોટર લાઇનની કામગીરી દરમિયાન હાથ ધરાયેલા ખોદકામ દરમિયાન સેકટરની પાણીની લાઇનમાં ભંગાણ થવાના લીધે સે-૬ સહીતના વિસ્તારમાં પાણી પુરવઠાનો ફોર્સ તદન ઘટી ગયો હતો. સેકટરોમાં પાણી ફોર્સથી આવ્યુ ન હતુ. નવા સેકટરોમાં ગઇકાલે પણ ગટર લાઇનની કામગીરીના લીધે પાણીનો સપ્લાય ઘટાડી દેવાયો હતો. જયારે આજે પણ સ્ટોર્મ વોટર લાઇનની કામગીરી સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની હતી. સેકટરોમાં રહેણાંક વિસ્તાર પાસે સ્ટોર્મ વોટર લાઇનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ત્યારે રહેણાંક વિસ્તારમાં હરિયાળા વૃક્ષો સામે પણ ખતરો મંડરાયો હોવાનો રોષ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે.

આજે ભાજપની ગાંધી-૧૫૦ અંતર્ગત ખાસ પદયાત્રા : ૫ કિ.મી.નો રૂટ નિયત કરાયો

ગાંધીનગર, તા. ૧૮

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે સંસદીય વિસ્તારમાં પદયાત્રા યોજવાના પક્ષના આદેશને લઈ આજે ગાંધીનગર (ઉ) વિધાનસભા વિસ્તારમાં પદયાત્રાનું આયોજન કરાયું છે.

૧૯મીએ સવારે ૯.૩૦ કલાકે ઘ-૫ થી પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં આ પદયાત્રા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના મત વિસ્તારમાં યોજાઈ રહી છે. ગૃહમંત્રીના મત વિસ્તારમાં આ પદયાત્રા એ બીજી પદયાત્રા છે.

આ પદયાત્રાને લઈ આજે ભાજપના આગેવાનોની બેઠકનો દોર ચાલ્યો હતો. આ પદયાત્રામાં ભાજપના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો માટે ખાસ ડ્રેસ કોડ પણ સફેદ વસ્ત્રોનો નિયત કરવામાં આવ્યો છે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ પદયાત્રા માટે પાંચ કિ.મી.નો માર્ગ નિયત કરવામાં આવ્યો છે.

પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં નીકળનાર આ પદયાત્રા ઘ-૫ સર્કલથી શરૂ થઈ ૧૭-૨૨ આવશે ત્યાંથી પંચદેવ મંદિર જશે આ પછી યાત્રા સે. ૨૧માં પ્રવેશ કરશે. સે. ૨૧માં થઈ સે. ૩૦ ના સર્કલ થઈ ચ-૬ પહોંચશે અને ચ-૬ થી ઘ-૬ થઈ આ પદયાત્રા ઘ-૫ પરત ફરશે.

આ પદયાત્રામાં સફેદ વસ્ત્રોમાં સજ્જ કાર્યકરો સ્વચ્છતા મિશન તેમજ પ્લાસ્ટીક મુક્તિ અભિયાન સાથે નયા ભારતના નિર્માણનો સંદેશો અને ગાંધી વિચારના પ્રચાર-પ્રસાર માટે છે. આ યાત્રામાં ગાંધી વિચાર દર્શનના બેનર હશે.

કોઈ પણ પ્રકારનો સૂત્રોચ્ચાર કે ભાજપનો ધ્વજ કે બેનર હશે નહિ. આ યાત્રાને લઈ આજે મોડી સાંજ સુધી બેઠકોનો દોર આગેવાનોનો ચાલ્યો હતો.

ટેકાના ભાવે મગફળીની પુનઃ ખરીદીનો આરંભ કરાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આજથી પુનઃ મગફળીની ટેકાના ભાવે ખરીદવાની કામગીરીનો આરંભ થયો છે.

આમ તો સરકારે ૧લી નવેમ્બરથી વિધિવત આ ખરીદીનો આરંભ કર્યો હતો. પરંતુ આ પછી વાવાઝોડા તેમજ કમોસી વરસાદને પગલે આ ખરીદી મુલ્તવી રાખવામાં આવી હતી.

જિલ્લામાં ૩૧૦૦ થી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે તેમના મગફળીના પાકનું વેચાણ કરવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. આજથી આરંભાયેલ આ ખરીદીમાં માત્ર ૬ જેટલા ખેડૂતો આવ્યા હતા. આ ખેડૂતો પાસેથી તંત્ર દ્વારા ૧૭૫.૨૦ ક્વીન્ટલ મગફળીની ખરીદી કરવામાં આવી હતી. ૧લી તારીખે તંત્રએ ૧૬૮ ક્વીન્ટલ જેટલી મગફળીની ખરીદી કરી હતી. આમ બે દિવસમાં ૩૪૩ ક્વીન્ટલ મગફળીની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ ખરીદી વધશે તેમ તંત્રના સૂત્રોનું કહેવુ છે. જિલ્લામાં આ વખતે મગફળીના પાકનુ વિક્રમી વાવેતર થયુ હતુ. ૬ હજાર હેક્ટરમાં વાવેતર થયુ હતુ તેમજ પાછોતરો વરસાદપણ સારો થતાં મબલખ ઉત્પાદનના અંદાજો મુકવામાં આવી રહ્યા છે.

ગાંધીનગરને શુદ્ધ પાણી આપો નહિ તો જન આંદોલનની ફરજ પડશે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરને શુદ્ધ પેયજળ આપવા તેમજ ઉભરાતી ગટરોની સમસ્યાના કાયમી ઉકેલની માંગ સાથે આજે કોંગી

મ્યુનિ. કમિશનરને કાઉન્સીલરો અને કોંગ્રેસના આગેવાનોએ મળી ઉગ્ર રજુઆત કરી આવેદનપત્ર આપ્યુ

કાઉન્સીલરો તેમજ સંગઠનના આગેવાનોએ કમિશનરને આવેદન પત્ર આપી રજુઆત કરી છે. ૧૦ દિવસમાં પ્રશ્ન નહિ ઉકેલાય તો જન આંદોલનની ચીમકી પણ આ આગેવાનોએ આપી છે.

મ્યુનિ. કમિશનરને અપાયેલા આવેદન પત્રમાં જણાવાયુ છે કે રાજયનો વહીવટ ચાલે છે તે પાટનગરમાં જ શુદ્ધ પેયજળની સમસ્યા છે. જે ૨૫ વર્ષ પહેલાં પાણીને અગાઉ સ્ટોર કરી ફિલ્ટર કરી પુરા ફોર્સથી પાણી અપાતુ હતુ પણ હાલમાં પુરા ફોર્સથી પણ નથી મળતું કે નથી સુદ્ધ પાણી મળતુ.

ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતામાં કોઈ જ વૃદ્ધિ કરવામાં આવી નથી. શુદ્ધ પાણી માટે નગરજનોને વલખા મારવા પડે છે. સ્માર્ટસીટી અને અર્બન ડેવલપમેન્ટની મોટી મોટી વાતો વચ્ચે હકીકતો સાવ અલગ જ છે.

નર્મદાનું પાણી આપવાનું શરૂ કરાયા પછી પણ શુદ્ધ પાણી આ નગરને પુરૂ પાડવામાં તંત્ર નિષ્ફળ રહ્યુ છે. ફોર્સથી પણ પાણી અપાતુ નથી. સરકારે મોટી જાહેરાતો બંધ કરી અને પાણીની સમસ્યા અંગે ઉકેલ લાવવો જોઈએ.

આ આવેદનપત્રમાં જણાવાયુ છે કે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે ૧૦ નમુના શહેરમાંથી લેવાયા અને ૧૦-૧૦ નમુનાના સેમ્પલ નિવડ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

આજનું શિક્ષણ મોંઘું થતું જાય છે. ખાનગી શાળાઓની મોંઘીદાટ ફી તથા અન્ય ખર્ચાઓ વાલીઓની કમર તોડી નાંખે છે. ગરીબ વાલીઓ બાળકોને સારું શિક્ષણ આપી શકતા નથી. જો કે મન હોય તો માળવે જવાય તે ઉકિત અનુસાર જો દૃઢ મનોબળ હોય તો ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ શિક્ષણ મેળવી શકાય છે. ફળની લારી ચલાવતો એક શ્રમિક તેના બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાની ઝંખના રાખી રહ્યો છે. તે બાળકોને ફળોની લારી પાસે જ બેસાડી શિક્ષાના પાઠ ભણાવી રહ્યો છે.

શહેરને ડેન્ગ્યુગ્રસ્ત વિસ્તાર જાહેર કરવા કોંગી કાઉન્સીલરોની માંગ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરને ડેન્ગ્યુગ્રસ્ત વિસ્તાર જાહેર કરવામાં આવે તેવી માંગ કોંગ્રેસના કાઉન્સીલરોએ આજે શહેરને શુદ્ધ પાણી માટેની રજુઆત કરવા ગયા ત્યારે કરી હતી.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક દસકમાં ન નોંધાયા હોય તેટલી સંખ્યામાં આ વખતે કેસો નોંધાયા છે એટલુ જ નહિ આ પરિસ્થિતિને નિયંત્રણમાં લેવામાં તંત્ર નિષ્ફળ નિવડ્યુ છે તેવો આક્ષેપ પણ આ આગેવાનોએ કર્યો હતો.

આ આગેવાનોએ શહેરમાં ડેન્ગ્યુના કેસો સરકારી ચોપડે નોંધાયા હોય તેની સંખ્યા ૫૦૦થી પણ વધુ છે તેમજ એલાઈઝા ટેસ્ટ કરાવ્યા પછી ખાનગીમાં સારવાર લેતા દર્દીઓની સંખ્યા આથી પણ વધુ છે તેથી પરિસ્થિતિ વધુ દયનીય બને છે. શહેરમાં વાહકજન્ય રોગચાળાને પગલે ત્રણ વ્યકિતઓના મોત થયા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખી તંત્રએ તાત્કાલિક ડેન્ગ્યુગ્રસ્ત વિસ્તાર જાહેર કરવા માંગ કરી છે.

શૈલેન્દ્રસિંહ બિહોલા, અંકિત બારોટ તેમજ ચિમન વિંઝુડા અને જીતુ રાયકાએ તાત્કાલિક શહેરના ખુલ્લા વિસ્તારોમાં ફોગીંગ માટે એક વાન ખરીદવામાં આવે અને લોકોને રક્ષિત કરવા માટેના જરૂરી પગલાં લેવામાં આવે તે માટે આગ્રહ કર્યો હતો. મ્યુનિ. કમિશનરે જણાવ્યુ હતુ કે પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને તંત્ર દ્વારા સઘન અને સતત સર્વેલન્સ ચાલી રહ્યુ છે.

મહાનગર ભાજપના સ્નેહમિલનમાં ઉમદા કામગીરી બદલ નાઝાભાઈ ઘાંઘરનુ સન્માન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રવિવારે યોજાયેલા સ્નેહમિલન સમારોહમાં ગાંધીનગરના ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘરનું મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલના વરદહસ્તે સન્માન કરવામાં આવ્યુ હતુ. નાઝાભાઈ ઘાંઘર છેલ્લા દાયકામાં ભાજપના પાયાના કાર્યકર હોવાને નાતે પક્ષના સંગઠન અને વિસ્તરણ માટે સમર્પિત ભાવથી કાર્યરત રહ્યા છે. પક્ષના સભ્યપદની ઝુંબેશમાં પણ વીસ હજારથી વધુ ઓનલાઈન સભ્યો નોંધીને વધુ સભ્યો નોંધવાનું સન્માન મેળવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા એક વર્ષમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિને પણ તેઓએ જીવનમંત્ર બનાવી એક લાખથી વધુ વૃક્ષો વાવી સાચી સમાજસેવાનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. સમાજના વિકાસ અને સમાજના કલ્યાણમાં સતત ઓતપ્રોત રહેતા ડેપ્યુટી મેયર નાઝાભાઈ ધાંઘર છેલ્લા એક વર્ષથી ડેપ્યુટી મેયર હોવા છતાં મહાનગરપાલિકાની ગાડી કે ભાડા ભથ્થા લેતા નથી.

ત્રણ સંવર્ગના કર્મયોગીઓની બદલી કરતા કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે ત્રણ સંવર્ગના કર્મયોગીઓની બદલીના હુકમો કરી જિલ્લામાં પ્રજાભિમુખ વહીવટ માટેના સંકેત આપ્યા છે.

નાયબ મામલતદાર, જુનિ. ક્લાર્ક તેમજ રેવન્યુ તલાટીની સંવર્ગમાં આજે બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે નાયબ મામલતદાર સંવર્ગમાં ૪ નાયબ મામલતદારોની બદલી કરાઈ છે. જ્યારે ૧૫થી વધુ રેવન્યુ તલાટીઓ અને ૧૫થી વધુ જુનિયર કારકુન સંવર્ગના કર્મયોગીઓની બદલીના હુકમો કરાયા છે.

આજે બદલીના કરાયેલા આ હુકમ પછી હજુ પણ વધુ બદલીના હુકમો આ માસાન્તે કરવામાં આવે તેવી સંભાવનાઓ કર્મયોગીઓમાં ચર્ચાનો મુદ્દો બની સાંભળવા મળતી હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com